ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૨૪૭/૨૦૨૩, તા.૧૦/૦૭/૨૦૨૩

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૩/૦૭/૨૦૨૩ થી તા.૦૯/૦૭/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. ૦૪/૨૦૨૩ તા.૨૯/૦૬/૨૦૨૩ ના કામે ગુમ થનાર રણમલભાઇ જીવાભાઇ ઓડેદરા ઉ.વ.૪૨ રહે.ખાપટ નાયરા પેટ્રોલ પંપ સામે પોરબંદર વાળાને તા.૦૫/૦૭/૨૩ ના રોજ ઉદ્યોગનગર પો.સ્ટે. પો.હેડ.કોન્સ. વાય.કે.ચુડાસમા પો.કોન્સ. ભરતભાઇ ભનુભાઇ નાઓએ શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા, કોલેજ માં ચર્ચા/ડીબેટ અથવાતો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોયઃ-**

હાર્બર પોલીસ સ્ટેશન તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સુભાષનગર પ્રાથમીક શાળાની મુલાકાત કરી બાળકોને ગુડટચ અને બેડટચ બાબતે તથા કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય:-**

(૧) ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૩૭૭/૨૩ IPC ક.૨૭૯, ૩૩૮ તથા M.V.Act. ક.૧૮૩, ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબ આ કામે અકસ્માત કરનાર મોટર સાયકલના ચાલકને શોધવા પોલીસ સ્ટાફ દ્વારા હ્યુમન સોર્સ તથા નેત્રમ કમાંડ એન્ડ કંટ્રોલ રૂમ પોરબંદર ના કર્લીપુલ પાસે આવેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા સુઝુકી એકસેસ મોપેડ મો.સા.નં. GJ-25-AC-6115 નો ચાલક જેતે સમયે નિકળેલ હોય. જેથી સદર મોટર સાયકલ ના ચાલકની તપાસ કરતા ચીરાગ કિશોરભાઇ જુંગીને તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજ શોધી કાઢેલ ધોરણસર અટક કરેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ મહિલા પોસ્ટે ના પો.સબ.ઇન્સ તથા ૧૮૧ હેલ્પ લાઇન દ્વારા રોકડીયા હનુમાન મંદીર ખાતે મહિલાઓને મહિલા હેલ્પ લાઇન વિશે તેમજ શી ટીમ કામગીરી વિશે માહિતગાર કર્યા સીનીયર સીટીજનો અને મહિલાઓની મુલાકાત કરવામા આવી તેમજ તેમને કોઇ મુશ્કેલી હોય તો પોલીસ નો સંપર્ક સાધવા માહિતગાર કરવામા આવ્યા. તથા

તા.૦૫/૦૭/૨૦૨૩ ના રોજ અસ્માવતી રીવરફ્રન્ટ ખાતે પો.સબ.ઇન્સ તથા ૧૮૧ હેલ્પ લાઇન દ્વારા બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ,મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ તથા કમલાબાગ સર્કલ વિસ્તારમા સીનીયર સીટીજનો અને મહિલાઓની મુલાકાત કરવામા આવી તેમજ તેમને કોઇ મુશ્કેલી હોયતો પોલીસનો સંપર્ક સાધવા માહિતગાર કરવામા આવ્યા. તથા તા.૦૯/૦૭/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા વાડી પ્લોટ શાક માર્કેટમા સીનીયર સીટીજનો અને મહિલાઓની મુલાકાત કરવામા આવી તેમજ તેમને કોઇ મુશ્કેલી હોય તો પોલીસ નો સંપર્ક સાધવા માહિતગાર કરવામા આવ્યા.

(૨) હાર્બર પોલીસ સ્ટેશનના તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ હાર્બર મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સુભાષનગર વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરવામાં આવેલ. દરમ્યાન સીનીયર સીટીજનની મુલાકાત કરેલ. તેમજ જાવર, કુછડી, અસ્માવતી ઘાટ વિગેરે વિસ્તારમાં જયાપાર્વતીના જાગરણ સબબ પેટ્રોલીંગ કરવામાં આવેલ. તેમજ સંતોષીમાતાના મંદીર, ખિમેશ્ર્વર મહાદેવ મંદીર તથા અસ્માવતીઘાટ જેવા સ્થળોની વિઝીટ કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ સુભાષ નગર તથા તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજ ખારવાવાડ વિસ્તારમાં મહિલા પોલીસ સ્ટેશન ના PSI કે.એમ.સૈયદ તથા ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા મહિલાઓને મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ લાવવા માહિતગાર કરવામા આવ્યા. તેમજ. સાયબર ફ્રોડ તેમજ મોબાઈલમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવાને બદલે તાત્કાલિક વડીલો ને અથવા પોલીસને જાણ કરવા. તેમજ ઘરેલુ હિંસા તથા છેડતીના બનાવો બને ત્યારે તથા પોલીસનો સંપર્ક કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની જાણકારી આપાવામા આવી.

(૨) તા.૦૯/૦૭/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પોરબંદર લેડી હોસ્પીટલ ખાતે મહિલાઓની મુલાકાત લઇ તેમને સાંભળી તેમજ ઘરેલુ હિંસા તથા છેડતીના બનાવો બને ત્યારે તથા પોલીસનો સંપર્ક કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની જાણકારી આપાવામા આવી.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર